THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

# श्री जैन प्रार्थनामाळा

२४२१

श्री जैनधर्मप्रवर्तक सभा
अमदाबाद.

૨૪૨૧

॥ ૐ નમઃ ॥

# શ્રી જૈન પ્રાર્થનામાળા*

(પદ્ય તથા ગદ્યમાં)

ભાગ ૧

અંક ૧ થી ૬.

॥ शुभे यथाशक्ति यतनीयम् ॥
विनयविजयजी.

પ્રસિદ્ધ કરનાર
શ્રી જૈન ધર્મ પ્રવર્તક સભા

સંવત ૧૯૪૧—સને ૧૮૮૫

**અમદાવાદમાં**

પાનકોરને નાકે બચ્ચાજમાદારની હવેલીમાં
'સમશેર બાહાદુર' છાપખાનામાં
સવાઇભાઇ રાયચંદ
છાપી.

# उपोद्घात

જે ધીર ધુરંધર ધાર્મિકો આ અખીલ વિશ્વના કર્તા, ધર્તા, કે સંહર્તા નથી, પરંતુ જે રાગાદિ અષ્ટાદશ દોશ રહિત છે, જેઓ ભક્તજનોને ઉપદેશ રૂપ પીયૂષ પાન કરાવી આ સાંસારિક પાસ છિન્ન કરાવી, પોતાના ખરા સ્વરૂપમાં કાયમ કરવાને સમર્થછે, જેના અંતઃકરણ પૂર્વક ગુણગ્રામ ગાવાથી પરમાનંદ સ્વરૂપનો આભાસ થાયછે, જેઓ આ અસાર સંસારરૂપી અંધારની અંદર અથડાતા અનાધાર આદમીઓને આધારભૂત છે. જેઓ જગ જંતુના ઉદ્ધારરૂપ વ્યાપારવાળા ધર્મના પ્રવર્તક છે તેજ પરમેશ્વરોની ભક્તિ તથા ઉપાસના યથા શક્તિએ કરવી તે આત્મશ્રેય વાંચ્છક મનુષ્ય માત્રનું પ્રથમ કર્તવ્ય છે:—

सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः
यथास्थितार्थवादी च देवोऽर्हन्परमेश्वरः ॥
ध्यातव्योयमुपास्योयमयंशरणमिष्यतां
अस्यैवप्रतिपत्तव्यंशासनंचेतनोऽस्तिचेत् ॥

योगशास्त्र. प्र० २

"સર્વજ્ઞ, રાગાદિ દોષને જીતનાર, ત્રૈલોક્ય પૂજીત, યથાર્થ તત્વવક્તા, અરિહંતદેવ પરમેશ્વર છે."

"તેજ મતિમાન મનુષ્યોને ધ્યાવા યોગ્ય છે, ઉપાસવા યોગ્ય છે; તેજ શરણ કરવા યોગ્ય છે અને તેનુજ શાસન અનુવર્તવા યોગ્ય છે.

"सर्वेयेनोदमूल्यंत समूलाःक्लेशपादपाः

*  *  *

यस्यज्ञानंभवद्भाविभूतभावावभासकृत्

*  *  *

सश्रद्धेयःसचध्येयःप्रपद्येशरणंचतम्"

वीतरागस्तव. प्र० १

"જેણે ક્લેશ રૂપ વૃક્ષો મૂળમાંથી ઉખેડી નાંખ્યા.* * * * * જેનું જ્ઞાન ભુત, વર્તમાન અને ભાવિ ભાવને ભાસન કરવા સમર્થ છે. * * * તેજ શ્રદ્ધા રાખવા યોગ્ય છે ધ્યાંન ધરવા યોગ્ય છે તેમજ શરણ કરવા યોગ્ય છે."

આ પુસ્તકમાં તેજ તીર્થંકરોની ભક્તિને વાસ્તે ગદ્ય પદ્યાત્મક પ્રાર્થના રચાવી દાખલ કરવામાં આવી છે.

માનસીક કેળવણીમાં કવિતા એ અવસ્યનું સાધન છે. સુકવિતા રસિક જનોના રસ જ્ઞાનને કેળવી પ્રફુલ કરી અત્યંત આલ્હાદ ઉપજાવે છે. પરંતુ જો તે ઢબમાં ગવાતી હોયતો ઉપર કહેલ આલ્હાદ ઉત્પન્ન કરી માનસીક સુખનું અનવું બારૂં ઊઘાડે છે. જુના કવિઓ કૃત ઘણાંક સ્તવનો છે જેમાનાં આધુનિક ગાયનના શોખીઓને ઘણાં થોડાંજ આલ્હાદ આપી શકે એવા છે; એકતો તે સ્તવનો ઢબમાં ગાઈ જાણનાર થોડા અને બીજુ તેમાં રહેલો ભાવ દુર્ગમ્ય છે. વળી આમ હોવાથી

સહેજ અંતરવેધક શૃંગારરશમાં અચ્છી ઢબમાં રચાયલા ગાયનપર સ્વાભાવિક રીતે તેઓનું વલણ ખેંચાય છે; આમ થતું અટકાવવાના હેતુથી, આ પુસ્તકની અંદર સારા સારા રાગના પદોનો સમાવેશ કરવામાં આવેલો છે. આ બધુ પદ્ય કવિ કેશવલાલ શીવરામનું રચેલુંછે, જેમની કવિત્વ શક્તિનો અભિપ્રાય અમે અમારે મોઢે નહિ દર્શાવતા અમારા રસિક વાંચનારાઓને સોંપીએ છીએ.

કેટલાએકને પદ્ય ઉપર સ્વાભાવિક રીતેજ રૂચી નથી હોતી તેઓને માટે ગદ્ય પણ દાખલ કરવામાં આવેલુ છે છેવટે મતિમંદતાથી જે કાંઇ ભુલચુક થઇ હોય તે સાજનો દર ગુજર કરશે એવી અમે આશા રાખીએ છીએ.

સંવત ૧૯૪૧ } શ્રી જૈનધર્મ પ્રવર્તક સભા.
સને ૧૮૮૫ } મુ૦ અમદાવાદ.

# अनुक्रमणिका.


पद्य. ... ૧ થી ૫૮

અંક ૧... ... ... ... ૧-૧૨
અંક ૨ .. ... ... ...૧૩-૨૨
અંક ૩... ... ... ...૨૩-૩૩
અંક ૪... ... ... ...૩૪-૪૧
અંક ૫... ... ... ...૪૨-૪૯
અંક ૬... ... ... ...૫૦-૫૮


गद्य. ... १ थी १७

आदिनाथ ... ... ... ... १- ४
अजितनाथ... ... ... ... ५- ७
संभवनाथ. ... ... ... ... ८-१०
अभिनंदन. ... ... ... ... ११-१२
सुमतिनाथ ... ... ... ... १३-१५
पद्म प्रभु. ... ... ... ... १६-१७

# पदनी अनुक्रमणिका.


| અંક. | પદ | રાગ | તાલ |
|---|---|---|---|
| ૧ | શરણ આવ્યો० | કાફી જીલ્લો | દીપચંદી |
| " | મોહન મુખડું० | સોરઠ જીલ્લો | ત્રીતાલ |
| " | પરમ પ્રભુ० | દેશ | દીપચંદી |
| " | ઋષભ પ્રભુ० | આશા ગોડી | દીપચંદી |
| | જયજયજીન० | જીલ્લો ઝીંઝોટી | દાદરો |
| " | ભવ ભંજન० | ધનાશ્રી | ત્રીતાલ ધીમો |
| " | જય જગત વંદ્ય० | ખમાયચ જીલ્લો | ત્રીતાલ પંજાબી |
| ૩ | જયજય જીનવર० | યમન કલ્યાણ | દીપચંદી. તથા ચલતી લાવણી |
| " | સંભવ સ્વામી० | નટ. | બ્રહ્મતાલ |
| " | તારોરે સંભવ० | સોરઠ જીલ્લો | ત્રિતાલ પંજાબી |
| ૪ | કરૂણા નજરથી० | પીલુ | દીપચંદી |
| " | પ્રાણપ્રભુપદપરમેશ० | કાફી. | ત્રિતાળ. |

| | | | |
|---|---|---|---|
| " | વીનય ધરી૦ | આશા ગોડી. | દીપચંદી. |
| ૫ | નમું નિત્ય૦ | ખમાયચી જીલ્લો. | દાદરો. |
| " | વિધિપૂર્વક૦ | ઇંગ્રેજી | લાવાણી |
| " | વાહાલા પ્રભુ૦ | સોરઠ | ત્રિતાલ. |
| ૬ | પ્રાણુ પદમ૦ | કલ્યાણ | " |
| " | જીન જયકારી૦ | સોહણી પરજ | " |
| " | પાદ પદ્મ૦ | જંગલો ઝીંઝોટી | ત્રિતાલ |



## ॥ ॐनमः ॥

ओंकारंबिंदुसंयुक्तंनित्यंध्यायन्तियोगिनः
मोक्षदंकामदंचैवओंकारायनमोनमः ॥
अज्ञानतिमिरांधानां ज्ञानांजनशलाकया
नेत्रमुन्मीलितंयेनतस्मैश्रीगुरवेनमः ॥

---

यःसर्वैर्नरनाकिनागपवरैर्मुख्यैर्नतःसदामान्यते
सर्वैश्चापिहरीश्वरादिकसुरादासीकृतायेनवा
सःश्रीमान्मकरध्वजोविनमितोयैर्धार्मिकैर्धीधनैः
तान्श्रीतीर्थकरान्प्रवर्तकसभास्नेहात्सदाशेवते ॥

ययातोष्टापदपर्वतोगजपदःसंमेतशैलाभिधः
श्रीमान्रैवतकप्रसिद्धमहिमाशत्रुंजयःपावकः।
वैभारोविपुलोऽर्बुदोगिरिवरःश्रीचित्रकूटाचलः

तत्रश्रीऋषभादयोजिनवराःकुर्वंतुनोमंगलं ॥
यस्मात्तीर्थमिदंप्रसिद्धमगमत्सश्रीसुधर्मागुरु
र्धन्योधन्यमुनिःसकौशलमुनिःश्रीशालिभद्राभि
गेतायोऽदृढप्रहारसुपातिमघादशार्णाभिधः
श्रीमंतःकरकंडुमुख्ययतयःकुर्वन्तुनोमंगलं ॥
श्रीजंबुःप्रभवप्रभुर्गतभयःशय्यंभवःश्रीयशो
भद्राख्यःश्रुतकेवलीचचरमःश्रीभद्रबाहुर्गुरुः
शीलस्वर्णकषोपलःसुविमलःश्रीस्थूलभद्रप्रभुः
सर्वेऽप्यार्यमहागिरिप्रभृतयःकुर्वन्तुनोमंगलं ॥
ब्राह्मीचन्दनबालिकाभगवतिराजिमतिद्रौपदी
कौशल्याचमृगावतीचसुलसासीताचभद्राशिवा
कुंतीशीलवतीनलस्यदयिताचूलाप्रभावत्यथ
पद्मावत्यथापिसुदंरीदिनमुखेकुर्वन्तुनोमंगलं ॥

# पद्य

अंक १ थी ६.



श्री

# જૈન પ્રાર્થનામાળા.

॥ आदिनाथ ॥

## અંક ૧

### ભુજંગી છંદ,

દયાળુ દીનાનાથ દેવાધિ દેવા,
સદા દાસને આપીયે આપ સેવા;
વિભુ સેવકોની વિનંતિ સ્વીકારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઊતારો. ૧

પિતા નાભિ રાજા મરૂદેવી માતા,
મુખે ઉચરૂં આપનાં મુક્તિદાતા;
અમોને સદા આશરો છે તમારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઊતારો. ૨
વિનીતા તણા રાજવી વિઘ્ન હર્તા,
સદા શેવના દેવતા ક્રોડ કર્તા;
જગન્નાથજી નિંદ્ય પાપો નિવારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૩
ધનુ પાંચસે હેમ છે કાય ઉંચી,
હૃદેમાં રતી ભાવથી ભક્તિ રૂચી;
સદા ઇષ્ટ છે શેલડી સ્વાદ સારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૪
પ્રભુજી તમારા તમે પુત્ર તાર્યા,
અમોને વિભુ એ સમે શું વિસાર્યા;
હવે હું નથી છેડલો છોડનારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૫

મહાદેવ વિષ્ણુ વળી જે વિધાતા,
નથી માનતા મેલડા પીર માતા;
ભુંડા ભુતડામાં ભર્યા છે વિકારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૬
કંઇ દેવતા દુષ્ટ માંસાદિ માગે,
કંઇ નગ્ન નાચ્યા નમો નાર આગે;
નથી હું કદી કોઇને જાચનારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઊતારો. ૭
હિણેંદા સુરેંદા સદા પાય પૂજે,
નગીંદા મુણીંદા નમ્યા તે નમું જે;
ધણી ધ્યાનમાં દાસની અર્જ ધારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૮
ઘણીવાર મેં આપ આજ્ઞા ઊથાપી,
હવે શર્ણ આવ્યો પ્રભુજી પ્રતાપી;
ક્ષમા આપજ્યો વાંક આવ્યા અપારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઊતારો. ૯

નમું નમ્રતાથી તને નિર્વિકારી,
કરૂણા નિધી નાથ કલ્યાણકારી;
કદી ઝાલશો કાળ આવી અટારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૧૦
સુકાર્યો ન કીધી ... દવ કાંઇ,
રહયો મોહ માયા વિષે હું મુઝાઇ;
હજુ હે પ્રભુ ભુલ આવે હજારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૧૧
વિરામી વિરામી કરૂં છું વિલાપો,
મહાકષ્ટ કાપો મને મોક્ષ આપો;
કહ્યું કેશવે હાથ ઝાલી અમારો,
અરીહંત આદી ભવાબ્ધિ ઉતારો. ૧૨

---

## દીંડી

ઋષભદેવ સમવસરણમાં બિરાજે,
લલિત રૂપથી અનંત કામ લાજે;

બાહ્ય લક્ષ્મીને જિણંદચંદ પામી,
અષ્ટ મહાપ્રાતિહાર્ય સહિત સ્વામી. ૧૩
હરે વૃક્ષજે અશોક પાપ તાપ,
કરે વૃષ્ટિ પુષ્પ અમર આવી આપ;
દીવ્ય ધ્વનિ દેવ વાંસળી બજાવે,
પ્રભુ દેશનામાં મધુર સ્વર પુરાવે. ૧૪
ચાર તરફ દોય દોય ચમર વીંજે,
પાદ પીઠ સિંહાસન સુર રચીજે;
અરીહંત અમિત ઉપદેશ આપે,
કર્મ અષ્ટ કષ્ટ ભવ્ય તણા કાપે. ૧૫
સુરજ મંડલ શિર પાછલે પ્રકાસે,
ત્રણ લોક તણું મોહ તિમિર નાસે;
દેવ દુંદુભિનો નાદ ગુહીર ગાજે,
છત્ર ત્રીક તે અધીક શિર છાજે. ૧૬
મનુષ્ય દેવ તિરી ભાવ ધરી આવે,
ઉપદેશ સુણિ અધિક સુખ પાવે;

વીતરાગ રાગ દ્વેષને નિવારી,
માતકોષમાં તેં દેશના ઉચારી. ૧૬
ગણ્યા નાથ શત્રુ મિત્રને સમાન,
અહો નીશ કરૂં આપ ગુણગાન,
નમુ નમુ નમુ નમુ નમુ નાથ.
કરૂં વીનતી હું જુગલ જોડી હાથ. ૧૭
દયાવંત પ્રભુ દુર્ગતિ નીવારૂ,
તરણ તારણ સેવક શરણ કરે તારૂં;
જૈન પ્રવર્તક સમાજ પાય લાગે,
શીવ સુત કેશવ શીવ સુખ માગે. ૧૮

## અભંગ.

આદિ જીણંદા, નમે નિત્ય ઈંદા;
ફેડો ભવ ફંદા, સુખ કંદા. ૧૯
મરૂદેવી માય, નાભિજી પિતાય;
પ્રભુ તુમ થાય, કરો સા'ય. ૨૦

હે ભવ તારૂ, દુર્ગતિ વારૂ;
આપને ઉચારૂ, શિવ સારૂ. ૨૧
જગ જયકારી, પ્રભુ ઉપગારી;
જાઉં બલીહારી, નાથ તારી. ૨૨
અવળી ઉપાધિ, સંસારની સાધી;
અમે અપરાધી, ટાળો વ્યાધિ. ૨૩
સુનંદાના સ્વામી, શીવગતી ગામી;
પૂજ્ય પદ પામી, શિરનામી. ૨૪
દેવછો દાતાર, જગત આધાર;
અમને ઉતાર, ભવ પાર. ૨૫
અમે જોડી હાથ, ગાઇએ ગુણગાથ;
સદાશિવ સાથ, જગનાથ. ૨૬
સૌ શિરતાજ, જય જિનરાજ;
જૈન સમાજ, વંદે આજ. ૨૭

## પદ ૧.

(મેં તો વીનય પીછાનારો, અનંતે કાલશે.—એ રાહ.)

શરણુ આવ્યો સાહિબા હું તો
આથડી કાળ અનંત.—એ ટેક.
દિનકર શંકર મોહ તિમીર હર,
કૃપાકર રૂષભ સુનંદાના કંત. શરણ૦ ૨૮
ચારગતિ ભવ ચક્ર ભ્રમણુ કર્યા,
આણો હવે દુઃખ અર્ણવ તણો અંત. શરણ૦ ૨૯
અજરામર અવિચળ પદ આપો,
વાહાલા મારા ભક્તિ વત્સળ ભગવંત. શરણ૦ ૩૦
સેવિત સુરપતિ પ્રથમ તિરથપતિ,
પંચમગતિ શેવક સુખ માગંત. શરણ૦ ૩૧
વંછીત પુરણુ ભવ દુઃખ ચુરણુ,
ગુંથું તુજ ગુણ ગાણુ જીન ગુણવંત. શરણ૦ ૩૨
શ્રીજીનચંદ આનંદ કંદછો,

પુજે પ્રભુ શીવ સુખ લીલા લહંત. શરણ૦ ૩૩
અભય વચન આપો વિનતી સુણીને,
મેરૂગિરિ તુજ પદ મઘવા પુજંત. શરણ૦ ૩૪
જૈન પ્રવર્તક શીવ સુત કેશવ,
લળી લળી લળી લળી પદ પ્રણમંત. શરણ૦ ૩૫

---

## पद २.

(સજન મુખડા બતલા જારે.—એ રાહ.)

મોહન મુખડું બતલાવોરે, શ્રી આદીશ્વર જીનરાજ આજ.
મુખડું૦ એ ટેક.

મહા મંગળ મુક્તિ પદ પામી,
શું વિસર્યા શેવકને સ્વામી,
અગમ અગોચર અંતર જામી,
શીદને લલચાવોરે. મોહન૦ ૩૬
સાહિબ શેવક અરજ સ્વીકારો,
શીવપદ આપી સુજસ વધારો,

કેશવ જૈન પ્રવર્તક તારો,
જિન બુડતાં બચાવોરે. મોહન૦ ૩૭

---

પદ ૨.

( નાથ કેશો ગજકો બંધ છોડાયો.—એ રાહ. )

પરમ પ્રભુ તું છે પરમ ઉપગારી; તું છે પરમ ઉપગારી.
નમે સુર અસુર નર નારી. પરમ૦—ટેક
સચ્ચિદાનંદ મોહન મૂર્તિ, ભવી ભય ભંજનકારી;
કરમ વિનાશી તું અવિનાશી, જગતમાં હૂઓ જયકારી.
પરમ પ્રભુ તું છે પરમ ઉપગારી. નમે૦ ૩૮
કર દ્વય જોડી તુજને નમે છે, મુનિવરને બ્રહ્મચારી;
શ્રદ્ધારૂપી નિરમાં નીત નાહિ, જે જન ભક્તિ વિચારી.
પરમ પ્રભુ તું છે પરમ ઉપગારી. નમે૦ ૩૯
તે જનના મન વાંછીત પૂરે, સંસાર સાગર તારી;
જીનમાણી દરશણુ દાસ ઇચ્છેછે, આપો શોવ સુખકારી.
પરમ પ્રભુ તું છે પરમ ઉપગારી. નમે૦ ૪૦

पद ४.

(આહા! પ્રભુ કામછે દુષ્ટ વીકારી.—એ રાહ.)

ઋષભ પ્રભુ પદપંકજ મન મોહ્યું, પદપંકજ મન મોહ્યું.
ઋષભ૦ એ ટેક.

ચોસઠ સુરવર મુગટ ચરણપર, ધરિ ભવ પાતિક ધોયું;
તુજ પદ ભવ તારક દુઃખ હારક, જોઇ જોઇ જગ જોયું.
ઋ૦ ૪૧

પ્રેમ થકી જેણે તુજ પદ પુજ્યા, જન્મ મરણ દુખ ખોયું;
જૈન સભા કેશવ જીનવર પદ, ભક્તિ વિષે ચીત પ્રેર્યું.
ઋ૦ ૪૨

---

## આરતી

જયદેવ જયદેવ, જયજગ હિતકારી; (પ્રભુ. ૨)
આદીશ્વર ઉપગારી, (૨) જિનવર જયકારી. જય. ૪૩
નાભિનંદન નાથ, મરૂદેવી જાયા; (પ્રભુ. ૨)

પાણ સત ધનુષ પ્રમાણે,(૨) સોવન સમકાયા. જય.૪૪
એક સહસને આઠ, લક્ષણ જીન અંગે; (પ્રભુ. ૨)
ચૈતર વદ આઠમ દિન, (૨) જનમ્યા જિનરંગે. જય.૪૫
હરિ કરી નીજ પાણ રૂપ, કરપુટ જિન થાપે; (પ્રભુ. ૨)
દો દિશ ચામ્મર વીંજે,(૨) ધરે છત્ર આપે. જય. ૪૬
સુરગિરિ પર સુરરાજ, જિનવરને લાવ્યા; (પ્રભુ. ૨)
ક્ષીરોદક નિર્મળથી, (૨) ઇન્દ્રે નવરાવ્યા. જય. ૪૭
પૂજી અર્ચી પાય ગાત કને મુકે; (પ્રભુ. ૨)
શ્રી ભગવતની ભક્તિ, (૨) સુરવર નવ ચૂકે. જય. ૪૮
સુમંગળાના સ્યામ, મહા મંગળકારી; (પ્રભુ. ૨)
જુગલા ધર્મ નીવારી, (૨) તાર્યા નર નારી. જય. ૪૯
નંદી લંછન તાય, વિનીતાનો રાયા; (પ્રભુ. ૨)
જૈન પ્રવર્તક મંડળ, (૨) કેશવ ગુણ ગાયા. જય. ૫૦

પ્રથમ અંક સમાપ્ત.

# ॥ अजितनाथ ॥

## અંક ૨.

### લલિત છંદ.

અજીતનાથજી અર્જ ઉચરૂં,
તુજ કૃપા વડે ભવનીધી તરૂં;
શરણ આવીઆ દાસ આ સમે,
વિનયથી વિભુ વંદીએ અમે. ૧
વિજયથી ચવ્યા વીનીતા પતી,
જનની આપના વીજયા સતિ;
રમણી મુકિતથી રોજ તું રમે,
વિનયથી વીભુ વંદીએ અમે. ૨
જય જગત્પતિ જીન જાચીએ,
ભજન ભકતનું ભક્તિ સાચી એ;

તરણ તારણા તાતછો તમે,
વિનયથી વીભુ વંદીએ અમે. ૩
કુટોલ થૈ કર્યાં પાપ મેં ઘણા,
કુશીલ શેવતાં રાખી ના મણા;
સુખદ શેવથી પાપ સૌ સમે,
વિનયથી વીભુ વંદીએ અમે. ૪
વિષય વૃત્તિથી વ્રત ના કર્યું,
ધન ધુતી ઘણું ધુળમાં ધર્યું;
અવર દેવતા દીલના ગમે,
વીનયથી વીભુ વંદીએ અમે. ૫
સ્મરણ સ્વામીનું હું કરૂં સદા,
તરત ટાળશો આપ આપદા;
સુરપતી સૌ નાથને નમે,
વિનયથી વીભુ વંદીએ અમે. ૬
જૈનની સભા જીનજી જપે,
ખચીત સર્વના પાપ તો ખપે;

સમજતો નથી વંદના વીધી,
વિનતી આપની કેવી કીધી, ૭

## દીંડી

અજીત! અજીત અમિત ઊપદેશ આપો,
જપુ જાપ આપ પાપ તાપ કાપો;
વિજિયા ગર્ભ આવ્યા વિજયથી ચવીને
વિપત વારવા ભવ તારવા ભવીને. ૮
અમર નિકર નાથ નમન નિત્ય આવે,
ભકિત યુકત મુકિત માટ ગુણ ગાવે;
કર્યા વ્યર્થ મેં અનર્થ સ્વાર્થ મારૂ,
અર્થ અર્થ મેં સમર્થ તજયો તારૂ. ૯
ક્રોડ કર્મ કર્યા ધર્મ પરમ ટાળી,
સર્વ જાણ આણ આપની ન પાળી;
વિજિયાનંદ કુશળ કંદ મન વીચારી,
પરીતુષ્ટ કરો વિનતી સ્વીકારી, ૧૦

ધરી આશ દાસ આપ પાસ આવ્યો,
ભવજળધીનાવ! ભાવ મેં જણાવ્યો;
ચિદાનંદ જગતવંદ્ય વદન ચંદ,
જિતશત્રુ સુત જાચીએ જિણંદ. ૧૧
નમુ નાથ નેક નજરથી નીહાળો,
ઘણું થયું હવે વખત શીદ ગાળો;
સુખસદ્મ પાદ પદ્મ પુજા પામુ,
નીશ દીન ઇશ ચરણ શીશ નાંમુ. ૧૨
ભવસ્થીતિ પરિપકૈ થયાથી,
તરૂં તારે શું ફળ સેવના કર્યાથી
જિનરાજ લાજ સર્વ છે તમોને,
વાર' કરી તાર તાર તું અમોને. ૧૩
તજી કમળ ભ્રમર બાવળે ન બેસે,
રત્ન મુકી કાચ ખંડ કોણ લેશે;
કલ્પવ્રક્ષ તું પ્રત્યક્ષ હાથ આવે,
અવર અમર આક ડોર કોણ લાવે; ૧૪

ભીમ ભવનિધિથી નાથ હાથ ઝાલી,
અજાળ! અચળ કરો અચળ સુખ આલી;
જૈન પ્રવર્તક સમાજ છે પ્રણામી,
નમે નિત્ય કેશવ શીવ સુત સ્વામી. ૧૫

---

## અભંગ.

અજીત! અજીત, ભાગો ભવ ભીત;
આપો સમકિત, નમું નિત્ય. ૧૬
રૂપછે લલિત, તેજમાં આદિત્ય;
શશી સમ શીત, કરો જીત. ૧૭
દેશના અમિત, પ્રભુની પ્રતિત;
તારશો ખચીત, રૂડી રીત. ૧૮
પ્રજાળજો પાપો, કષ્ટ તમે કાપો;
જપું જીન જાપો, શીવ આપો. ૧૯
તું! ભવ તારૂ, દુર્ગતિ વારૂ;
નામછે તમારૂં, મને પ્યારૂં. ૨૦

કરૂણાનિધાન!, શ્રી ભગવાન;
કરી ગુણ ગાન, ધરૂં ધ્યાન. ૨૧
મંગળકારી!, તેં નરનારી;
ભવોદધી તારી, કર્યા ઉપકારી. ૨૨
માગે શીવરાજ, જૈન સમાજ,
કેશવનું કાજ, કરો આજ. ૨૩

---

પદ ૧

(દિનનો દયાળ છોડી કોને શરણ જાઉં—એ રાહ.
જય! જય! જિનરાજ આજ, અરજ આ સ્વીકારો;
અજીત સ્વામી સમરૂં સદા, વિપતી વિદારો. જય૦ ૨૪
નમું નમું ભવ નિપાત, નાથજી નિવારો;
કુમતિ કાપી સુમતિ આપી, સર્વથા સુધારો. જય૦ ૨૫
દિનાનાથ દુઃખ તણો, આણ હવે આરો;
કૃપાનિધિ! ક્ષમા કરો, વાંક જે અપારો. જય૦ ૨૬

ભ્રાત ભગનિ માત તાત, તું પ્રભુ! અમારો;
પાદપદ્મ પુજા કરૂં, પાપને પ્રહારો. જય૦ ૨૭
ઉર આવાસ આપુતા! પ્રેમથી પધારો;
કેશવલાલ સહીત સ્વામી જૈન સભા તારો. જય૦ ૨૮

---

## પદ ૨

(બાનાની પત રાખ, પ્રભુ તારા૦—એ રાહ.)

ભવ ભંજન ભગવાન, ભવી ભજો૦ એ ટેક.
અજીત જીનેશ્વર આપ કૃપા કરી,
આપો ભવ અવસાન. ભવી૦ ૨૯
વૈશાખ સુદની ત્રયોદશી દીવસે,
ચવીયા વીજય વીમાન;
ઉપન્યા અયોધ્યા નગર નાથજી,
વિજયા કુખે ગુણવાન. ભવી૦ ૩૦
માહા સુદ અષ્ટમી દીન જીન જન્મ્યા,
દીધાં અઠગીક દાંન;

ઘર ઘર તરીઆ તોરણ બાંધ્યાં,
ગાય ગુણી ગુણગાન. ભવી૦ ૩૧
જીતશત્રુ નૃપ આપ પીતા તે,
પરીપુરણ પુન્ય વાન;
તીર્થંકર સુત મોહ તીમીર હર,
સાહીબ સુરજ સમાન. ભવી૦ ૩૨
ત્રણ જગત ગુરૂ સ્વામી સ્મરણ કરૂં,
ધરજો વીનતી ધ્યાન;
જૈન પ્રવર્તક શીવ સુત કેશવ,
માગે કેવળ જ્ઞાન. ભવી૦ ૩૩

---

## પદ ૨.

(આઇ સુંદર નાર, કરકર સિંગાર.—એ રાહ.)

જય જગત વંધ, જસ વદન ચંદ,
જીતશત્રુ નંદ, પ્રભુ કુશળ કંદ,
દ્યો આનંદ, જીનવર જયકારી. જય૦ ૩૪

સીવ સુંદર નાર, તસ કંઠ હાર,
આવ્યો યાચક દ્વાર, દીન દુરિત વાર,
ભવ સાગર તાર, વિભુ વિઘન વિદારી. જય૦ ૩૫
રમો રમણ રંગ, શીવ રાગણી સંગ,
આણી ઉમંગ, પામ્યો પ્રસંગ,
સુખ દ્યો અભંગ, નમે સુરનર નારી. જય૦ ૩૬
નમુ અજીત આજ, સુર શિર તાજ,
છે સકળ લાજ, કરો સેવક કાજ,
આપી અચળ રાજ, જગ સુજસ વધારી. જય૦ ૩૭
એમ જૈન બાળ, મન લાવી વહાલ,
દુઃખ ત્રિવિધ ટાળ, કહે કેશવલાલ,
પદ પરમ આલ, અમ અરજ સ્વીકારી. જય૦ ૩૮

## આરતી.

જયદેવ જયદેવ, જય જગદાનંદા, (પ્રભુ૦ ૨)
ભવ ભય નાથ નિકંદા (૨) વદન પુનમ ચંદા. જય૦ ૩૯

અજીત અમિત વાણી, છો કેવળ નાણી, (પ્રભુ૦ ૨)
શીવ દાયક ગવરાણી (૨), જિન ભકિત જાણી; જય૦
વિજયાનંદન દેવ, તુજ સેવા સારી, (પ્રભુ૦ ૨)
અજરામરપદ આપો(૨), જગ જન હિતકારી. જય૦
જીતશત્રુ સુત શ્યામ, વિજયાના જાયા. (પ્રભુ૦ ૨)
અર્ધ સહિત ચૈ શતની(૨), ધનુષ કનક કાયા. જય૦ ૪૨
શીવ દાયક સ્વામી, ભવજળધિ તારો. (પ્રભુ૦ ૨)
જગ ભાનુ ભગવંતા(૨), મોહ તીમીર વારો. જય૦ ૪૪
દયા તણા દરિઆ, અનાથ ઉધરિઆ, (પ્રભુ૦ ૨)
અનંત ગુણ ગણ ભરિઆ(૨),શીવ રમાણી વરિયા. જય૦
ત્રણ જગતના નાથ, જગમાં તું દીવો, (પ્રભુ૦ ૨)
અભિવંદી ઇચ્છુ છુ(૨),શીવ સુખ રસ પીવો. જય૦ ૪૫
જીનવર જૈન સમાજ, મુક્તિ ફળ માગે (પ્રભુ૦ ૨)
શીવ સુત શુદ્ધ સ્વભાવે(૨),લળી લળી પદ લાગે.જય૦૪૬

ooo

અંક બીજ. સમાપ્ત.

## ॥ संभवनाथ ॥

## અંક ૩

### त्रोटक.

શુભ સંભવ સાહિબ શેવ સજું,
ભવ ભાવટ ભંજન દેવ ભજું;
જગ જીવન શ્રી જિનરાજ જયો,
અભિવંદનથી અઘ ઓઘ ગયો. ૧
શત ચાર ધનુષ્યની દેહ સુણી,
ભવી ભાવ ધરે કરજોડ થુણી;
જસ શોભિત સોવન કાય સહી,
હય લંછન લંછન અલ્પ નહી. ૨
મન મોહન આનન શરદ શશી,
દ્વય આંખ દીપે અરવિંદ જીશી;

શુક નાજુક નાર મનોહરછે,
અમારો પરનાળ સન્નારછે. ૩
ઉપદેશ વિશેષ સુધા સરખો;
ભવ નાટક સિદ્ધ થઇ નિરખો,
સુણીયે વિનતી જીનજી કરણે,
અમ સેવક સાહિબને શરણે. ૪
ભવમાં ભમતાં ભગવંત મળ્યા,
પદ નામ થયે પરિતાપ ટળ્યા;
જગ નાયક લાયક પીડ હરો,
શિવ દાયક સેવક સા'ય કરો. ૫
કરૂણા ઉદધિ કરૂણા કરશો,
અમને ભવ સાયર ઊદ્ધરશો;
ભણી જૈન પ્રવર્તકની વિનતી,
વળી કેશવ જીત પવિત્ર થતી. ૬

——oOo——

## (હીંડી)

અરજ એક સંભવ નાથજી અમારી,
શિવ આપ ભવાબ્ધિ થકી ઉતારી;
વીતરાગ લાગ જાણી પાય લાગું,
મોહન મેહેર કરો મોક્ષ સુખ માગું. ૭
આણ આપની અનેક મેં ઊથાપી,
પાપ તાપને પ્રજાળ તું પ્રતાપી;
હવે હું છબિલા છેડલો ન છોડું,
નાગી ઉત્તમાંગ જુગલ હસ્ત જોડું. ૮
દયા દ્રષ્ટિ કરો દીનના દયાળુ,
જીનરાજ શિરતાજ છો કૃપાળુ;
જીનચંદ્ર ઇન્દ્ર ભજન કરે ભાવે,
તુજ તુલ્ય નહિ અવર અમર આવે. ૯
ઉપદેશ બેશ સમવસરણે આપ્યો,
કૃપા કરી પ્રભુ દુરિત ઓઘ કાપ્યો;
વાર વાર વિઠ્ઠલવાર પિતા માતા,

તાર તાર તાર તાર તાર ત્રાતા. ૧૦
મરણ હરણ શરણ કરૂં તરણ તા'રૂં,
મેક્ષસાથ! નાથ નરકના નિવારૂં;
કેવળજ્ઞાન દાન આપીએ અમોને,
ત્રિવિધ તાપ હરો કરગરૂં તમોને. ૧૧
દાસ આશ પુરો આશરે તમારે,
આપ વીણ નથી અન્ય કો અમારે;
જૈન પ્રવર્તક સમાજ સુવીચારે,
પ્રભુનામ કેશવ નિત્ય ચિત્ત ધારે. ૧૨

## અભંગ.

સંભવ સ્વીકારી, અરજી અમારી;
આપો સુખકારી, સેવા સારી. ૧૩
સાવથ્થીના રાયા, જીતારીછે તાયા;
સેના માના જાયા, શિવદાયા. ૧૪
જન્મ મૃગશીર, સોવન શરીર;

વિભૂં વિશ્વવીર, હરો પીર. ૧૫
હે! દયા નીધાન, શ્રી ભગવાન;
કરૂ એક તાન, ગુણ ગાન. ૧૬
ધનુ શત ચાર, શરીર શ્રીકાર;
લંછન તુખાર, છો આધાર. ૧૭
જગત જીવન વિદારો વિઘન;
દીજે દરશન, ધન ધન. ૧૮
તુજ વીણ તારૂ, કોણ તારનારૂ;
આપો શિવ સારૂ, મુને પ્યારૂ. ૧૯
કેશવ સમાજ, નમે પદ આજ;
સ્વામી શીર તાજ, સારો કાજ. ૨૦

---

પદ ૧

જય! જય! જીનવર છો પરમેશ્વર, તું ભવસાગર ત્રાતા;
કેવળ કમળા લક્ષિત કલિત નીત્ય,
સ્મરણ કરૂં સુખદાતા;

નાથ નિરંજન ભવ ભય ભંજન,
શીરનાણી ગુણ ગાતા. જય૦ એ ટેક.
સુણ દાદ દયાળ, ગુણ મણિ માળ,
નેક નજરથી નાથ નિહાળ;
પતિત પાવના પાપ પ્રજાળ,
કરૂણા દ્રષ્ટી કરો કૃપાળ;
સાહિબ આગળ શુ દુઃખ દાખુ,
છો ગુણ વંતા જ્ઞાતા. જય૦--૨૧
અરિહા અદ્ભુત, સેના સુત,
જ્ઞાન દર્શને છન સંયુત;
પદકજ પ્રણમે જગ જન જુથ,
દેવ અવર સૌછે જુઠ ભુતાં;
ચાર ગતિ ભવ ભ્રમણ નિવારી,
સ્વામી દ્યો સુખ શાતા. જય૦--૨૨
કુળ ગગને ચંદ, નયના નંદ,
અજરામર આપો આનંદ;

ફેડો દુઃખ દાયક ભવ ફંદ,
વંદે મુનિવર મંગળ કંદ;
અવ્યા બાધ અચળ પદ પામ્યા,
મોહન મુક્ત મનાતા. જય૦-૨૩
ભજીએ ભગવાન, કૃપાનિધાન,
દીજે અમને શીવફળ દાન;
આપો ભવ અર્ણવ અવસાન,
અહનિશ ઊચરૂં તુજ ગુણ ગાન;
પરમાતમ મમ આતમ ઉધ્ધરો,
અલખ અકામ લખાતા. જય૦-૨૪
ધરિઓ નહિ ધર્મ, કર્યા કુકર્મ,
સદા સર્વદા ત્યાગી શર્મ;
ચૂંથ્યાં ચિત હરખીને ચર્મ,
ભમ્યો ઘણો ભુલીને ભર્મ;
પુરવ પૂન્યે તુજ પદ પામ્યા,
ભવ અટવી અથડાતા. જય૦-૨૫

સંસાર અસાર, અલ્પ ન સાર,
વિધિ સહિત વંદુ કર વા'ર;
સેવકની વિનતિ સ્વીકાર,
દુઃખ દરિએથી પાર ઉતાર;
પર ઊપકારી પુજા તમારી,
વિશ્વ વિશે વખાણાતા. જય૦-૨૬
શ્રી સંભવ સ્વામી, નિર્મળ નામી,
અવિચળ ઠામો, નમુ શિર નામી;
પરમ મહોદય પદવી પામી,
અનંત શકિત અંતર જામી;
દયા દ્રષ્ટી કરીએ અમ ઉપર,
પારંગત પિતુ માતા. જય૦-૨૭
કરૂણા ભંડાર, અમ આધાર,
જાપ જપંતા જય જયકાર,
દીન વત્સળ દર્શન દાતાર,
વંદે કેશવ વારંવાર;

જૈન પ્રવર્તક પ્રાણીપત કરતાં,
પાપ સમૂહ પળાતા. જય૦—૨૮

પદ ૨

સંભવ સ્વામી, શીવગતિ ગામી, અંતર જામી;
અલખ અગોચર, અજર અકામી, જગ વિશ્રામી.
સંભવ સ્વામી૦ ૨૯

નરપતિ સુરપતિ, નિજ શીર નામી, અવિચળ ધામી;
ગુણ ગણ ગાતા, પદ કજ પામી, નવ નવ નામી.
સંભવ સ્વામી૦ ૩૦

શીવ સુખ આપો, ભવ દુઃખ વામી, અમે પ્રણામી;
ધરૂં ધ્યાન હું, હવે વિરામી, ગુણ ગણ ગ્રામી.
સંભવ સ્વામી૦ ૩૧

જગમાં તુજ જશ, કીર્તી જામી, જરા ન ખામી;
જૈન સભા કૈસવ શુભ ઠામી, નિત્ય નમામિ.
સંભવ સ્વામી૦ ૩૨

पद ३

(છાંડ લંગરવા મૂરખ મોરી બાઇ.—એ રાહ)

તારોરે સંભવ સ્વામી, ભવોદધિ તારોરે;

દય કરજોડી કહે, સેવક તમારોરે.—તારો૦ ૩૩

લપટ ઝપટ ઝટ, કરમ કટક કટ,

પાલક શ્રી પરમેશરે,

પાલક પાલક પાલકરે,

કેશવ પ્રવર્તક વિપતિ વિદારોરે.—તારો૦ ૩૪

## આરતી.

જય દેવ જય દેવ, જય સંભવ સેવું; (પ્રભુ૦ ૨)

કર્મ કદન કર જોડું (૨), મમ શીવ ફળ દેવું. જય. ૩૫

સાવત્થી સ્વામી, સેનાના જાયા; (પ્રભુ૦ ૨)

જનક જિતારિ રાયા (૨), હરિહર ગુણ ગાયા. જય. ૩૬

જિન જનમ્યા જાણી, રાવી સુરવર આવે;(પ્રભુ૦ ૨)

પ્રભુને મેરૂ પર્વત (૨), નેહે નવરાવે. જય. ૩૭

ભવ ભટકી આવ્યો, [illegible] ચિત લાગ્યું; (પ્રભુ૦ ૨)
ગિરૂવા ગોદ બિરુદ ધુ(૨), [illegible] સુખ મુખ [illegible]ગ્યું. જય.૩૮
તારક તુજવીણ નાથ, જડે ન જગ જોતાં; (પ્રભુ૦ ૨)
ભગવતની ભક્તિ વીણ(૨), ઘાણાં ખાય ગોથાં. જય.૩૯
દીન દયાળુ દેવ, સાહિબ સુખ કારી; (પ્રભુ૦ ૨)
ભવતારક ભગવંતા (૨), અગણિત ઉપકારી. જય. ૪૦
કરૂણા કરી કૃપાળ, શીરપર કર થાપો; (પ્રભુ૦ ૨)
અજરામર પદ આપો(૨), કિલષ્ટ કરમ કાપો. જય. ૪૧
જિનવર જૈન સમાજ, તુજ પદ કજ વંદે; (પ્રભુ૦ ૨)
જિન ગુણ ગુંથન કરતાં ૨), શીવ સુત આનંદે. જય.૪૨

अंक २ समाप्त.

# अभिनंदन

## અંક ૪

### રાગ ઈંદર સભાનો.

(રાજાજી તો સો ગયે,—એ રાહ.)

જય જગ વલ્લભ દુલ્લભ દરિસણ, દિજે દેવ દયાળ,
હરનિશ હાજર રહું હજુરમાં, હું કરજોડી કૃપાળ;
શ્રી અભિનંદન ચંદન ચરચું, વંદન કરી વિશેશ,
જગદાનંદન દુરીત નિકંદન, અરપો જ્ઞાન ઉજેશ. જય૦ ૧
ભવસાગરમાં ભક્તિ વગર હું, ભટકયો ભુલી ભાન,
અનુકંપાથી આપો અરિહા, ભવ અટવી અવસાન;
નિગોદથી નિકળી નાના દુઃખ, નરકે સહ્યાં નિદાન,
પુરવ પુન્ય ઉદયથી આ ભવ, ભલે મળ્યા ભગવાન. જય૦ ૨
પરમ કૃપાળુ પાલવ પકડયો, ધરી ઉત્કૃષ્ટી આશ,

સેવક ઉપર કરો સુદ્રષ્ટિ, વિશ્વંભર વિશ્વાસ;
આજ્ઞા આપ તણી ઊથાપી, કરી અપરાધ અનંત,
નિંદક થઇ નિંદ્યાનિગ્રંથો, બહુ સંતાપ્યા સંત. જય૦ ૩
શરણે આવ્યો સાચા સાહિબ, ભય ભાગો ભગવંત,
કરૂણા સાગર કૃપા કરીને, તારો જાચક જંત;
આસા પરિપૂરણ પ્રભુ કરશો, ધરશો વિનતી ધ્યાન,
જૈનપ્રવર્તક શીવ સુત કેશવ, ગુંથે જીન ગુણ ગાન. જય૦

## (દીંડી)

અરજ એક અભિનંદન અવધારો,
ભ્રાત માત તાત ભવ સમુદ્ર તારો;
આવ્યો આથડી હું આશરે તમારે,
વિશ્વનાથ વિના વિઘન કોણ વારે. ૫
હરશ સહિત દરશ સરસ પ્રભુ પામી,
નમું નમ્રતાથી ચરણ શીશ નામી;
સાહેબ મીઠી નજરે જુવો સેવક સામું,

પરમ પદવી હું પ્રભુ પ્રતાપ પામું. ૬
અવર દેવ દીઠા ક્રોધ માન માતા,
રાગ દ્વેશ ભર્યા રમણી રૂપ રાતા;
ભસ્મ ભુંસે ઘણી ભાંગ પીવે ભોળા,
ઘણા લાલચુને લાગ ચોગ ડોળા. ૭
કંઇ મસ્ત થઇ હસ્ત શસ્ત્ર રાખે,
'માર માર' વચન મુરખ મુખ ભાખે;
એવા અસુરનો પ્રસંગ પાપકારા,
તજું તરત મારે સ્વાર્થ હું વિચારી. ૮
મોહન મુર્ત્તી શાંત સુરતિ સત્ય સ્વામી,
પુરણ પ્રેમ ધરૂ પાય પુજન પામી;
પાપ ત્રીવિધ તાપ કાપશો કૃપાળુ,
દયા કરી મુક્તિ આપશો દયાળુ. ૫
પાદ પદ્મ પ્રેમ પુષ્પથી વધાવું,
ધન્ય ધન્ય પ્રભુ સમય સમય ધ્યાવું;
જન પ્રવર્તક સમાજ શીશ નામે,

શીવ સુત કેશવ સરવ સુખ પામે. ૬

---

## પદ ૧.

(કહું શું નસીબે દુઃખીઓ કીધોછે,—એ રાહ.)

કરૂણા નજરથી પ્રભુજી કૃપાળુ,
દીજીએ દરશન દેવ દયાળુ. કરૂણા૦ એ ટેક
અભિનંદન પ્રભુ પાપ નિકંદન,
ભક્તિ થકી ભવ ભય દુઃખ ટાળું. કરૂણા૦ ૭
ચરણ શરણ સ્વામી કરણ હું આવ્યો,
આપ પ્રતાપથી પાપ પ્રજાળું. કરૂણા૦ ૮
ભવ ભય ભંજન ભજન કરંતા,
સાહિબ સમકિત ગુણ અજવાળું. કરૂણા૦ ૯
જૈન પ્રવર્તક શીવ સુત કેશવ,
નાહાલ થયો પ્રભુ મુખડું નિહાળ્યું. કરૂણા૦ ૧૦

---

## પદ ૨

પ્રણમું પદ પરમેસ, હૈયે હર્ષ ધરીરે. પ્રભુ પ્રણમું એ ટેક

સંવર નંદન, શ્રી અભિનંદન, નિકંદન ભવ ક્લેશ;
અવગુણ મમ અગણિત અવલોકી, રોસ ન કરશો રેષ,
કીર્તી જગ પ્રસરીરે. પ્રભુ પ્રણમું૦ ૧૧

જગબાંધવ, જગજનક, જગતગુરૂ, હું સમરૂછુ હમેશ;
પાપ પ્રજાળક, જગ જન પાળક, શીવ કારક સર્વેશ,
સેવો શીવ સુંદરીરે. પ્રભુ પ્રણમું૦ ૧૨

મંગળ દાતા મંગળ મહિમા, વાપ્યો દેસ વિદેશ;
અધમ ઊદ્ધારક ભવજળ તારક, વારક વ્યાધિ વિશેષ,
જુઓ મમ સામું જરીરે. પ્રભુ પ્રણમું૦ ૧૩

અલખ લખાતા, અચળ અજાતા, મુક્તિ દાતા મહેશ;
અજરામર અજ્ઞાન તિમિર હર, નિત્ય નમંતા નરેશ,
સમરે શંભુ હરિરે. પ્રભુ પ્રણમું૦ ૧૪

કરૂણા સાગર ગુણ રત્નાકર, જગ વલ્લભ વિશ્વેશ;

ભવ સંકટ હર સેવિત સુરવર, અમૃત સમ ઊપદેશ,
આપ્યો કરૂણા કરીરે.　　　　પ્રભુ પ્રાણમું૦ ૧૫
ભવ નાટક નાચ્યા તુજ આગળ, ભજવી વિધવિધ વેશ;
જૈન પ્રવર્તક શીવ સુત કેશવ, ગુંથી પ્રભુ ગુણ લેશ,
માગે રોઝ ખરીરે.　　　　પ્રભુ પ્રાણમું૦ ૧૬

---

પદ ૨

## રાગ આશા જોડી.

વિનય ધરી અભીનંદન અભિવંદુ,
અભિનંદન અભિ વંદુ. વિનય૦ એ ટેક;
મોહન મૂર્ત્તિ વદન મનોહર,
સરદ પુનેમનો ઇન્દુ;
માત સિધ્ધાર્થા તણા સુત સાહિબ,
તું તારક ભવ સિંધુ.　　　વિનય૦ ૧૮
નીશ દિન નામ જપુ જગ નાયક,

જગ દીપક જગબન્ધુ

ભવ ભાવટ ભંજન પ્રભુ ભક્તિ,

કરતાં કરમ નિકંદ. વિનય૦ ૧૯

તુજ પદ પૂજન પુન્ય પામ્યો,

અવર વિષે ન આનંદુ;

ગંગાજળ તજી ગ્રહણ કરૂં નહિ,

ગટર તણું જળ ગંદુ. વિનય૦ ૨૦

ભુવન પતિ વ્યંતર વૈમાનિક,

રટન કરંતા રવીંદુ;

જૈન પ્રવર્તક શીવ સુત કેસવ,

પ્રણમે પાદાર વિંદુ. વિનય૦ ૨૧

---

## આરતી.

જય દેવ જય દેવ, જય! જય! જગબંધુ; (પ્રભુ૦ ૨)

અભિનંદન અલબેલા(૨), અહનિશ અભિનન્દુ. જય૦

જયંતથી જીનરાજ, સુદ ચોથે ચવિયા; (પ્રભુ૦ ૨)
માત સિધાર્થી જાયા (૨), શક્રે સંસ્તવિયા. જય૦ ૨૩
માઘ શુકલનિ બીજ, જન્મ તિથિ જાણી; (પ્રભુ૦ ૨)
સુવરણ વરણ વખાણી (૨), કરૂ સફળ વાણી. જય૦
નગર અયોધ્યા નાથ, તું નિર્મળ નાણી; (પ્રભુ૦ ૨)
સંવર સુત સોભાગી(૨), ગભીર ગુણ ખાણી. જય૦ ૨૫
કપી લંછન પ્રભુ પાય, નિર્લંછન નમીએ; (પ્રભુ૦ ૨)
પરમેશ્વર પરતાપે (૨), દુષ્ટ કરમ દમીએ. જય૦ ૨૬
જગ ઉદ્ધારક દેવ, મગન સુખ માણો; (પ્રભુ૦ ૨)
મમ શરખા સેવક પર (૨), અનુકંપા આણો. જય૦ ૨૭
ઉઠશત ધનુષની કાય, નિરમળ મેં ન્યાળી; (પ્રભુ૦ ૨)
મહોદય પદવી પામ્યા (૨). સકળ કરમ બાળી. જય૦
દીનદયાળુ દેવ, દયા પ્રભુ દાજે; (પ્રભુ૦ ૨)
જૈન સભા કેશવપર (૨), કૃપા દ્રષ્ટી કીજે. જય૦ ૨૯

અંક ચોથો સમાપ્ત.

# ॥ सुमतिनाथ ॥

# અંક ૫

झुलणा छंद.

શાન્ય મહારાજ જીનરાજ કરવી ઘટે,
આજ આવ્યાજ શીવરાજ આશે;
ભટકી ભવ અટવીમાં અટકી ઊભા રહ્યા,
પટકીઆ પાઘ પદ પદ્મ પાસે. સાજ૫૦ ૧
સુમતિશીવ સાથ ભવ પાથ તરવા ભણી,
નાથ દીન રાત ગુણ ગાથ ગાશું;
ધર્મ ધુરંધરા દુરિત ભવ તમ હરા,
દીનકરા દેવ નિત ચિત્ત ધ્યાશું. સાજ૫૦ ૨
શરણ અશરણ પ્રભુ સર્વ સુખ કરણ તું,

ઓઘ અઘ હરણ કરૂં શરણ સારૂં;
તારને તારને તાત ત્રીભુવન તણા,
તરણ તારણ પ્રભુ બિરૂદ તાહારૂં. સાજય૦ ૩
દેવના દેવ પદ સેવ સારૂં સદા,
દાસની દાદ સુણ દીન દયાળુ;
ત્રીવિધ દુઃખ તાપને પાપ સંતાપને,
કાપ કરાવ્યા કરીને કૃપાળુ. સાજય૦ ૪
ચાર ગતિ ભ્રમણ અતિક્રમણ કરતાં થકાં,
શ્રમણનો સ્વાંગ શતવાર ધાર્યો;
જુવતિઓ જોઈને મદનમાં મોહિને,
ધર્મ ધન પોઇ દ્યુત દાવ હાર્યો. સાજય૦ ૫
પતિત પાવન પ્રભુ પદ પદમ પુજીએ,
ધ્રુજીએ કર્મથી ધર્મ ધોરી;
જૈન મંડળ સહિત વિનતિ કેશવ વદે,
શીઘ્ર પરણાવ મમ મુક્તિ ગોરી. સાજય૦ ૬

## દીંડી.

સાહેબ સુમતિ આપ આપ ચરણ સેવા,
તરષ ટાળ હર્ષ દર્શ દઇ દેવા;
લાયક દેવ લગનિ તુજ થકી મમ લાગી,
ભજન કરતાં ભવો ભવની ભાવટ ભાગી. ૭
બાળપણની મિત્રાઇ મોહન મારી,
વિશ્વ વંદ્ય થયા સ્નેહ શું વિસારી?
આપને નથી ઊચિત આમ થાવું,
જીનરાજ તજી જાચવા ન જાવું. ૮
કેવળ રત્ન છતાં, કૃપણતા ન છાજે,
આપ જ્ઞાન દાન અરજ કરૂં આજે;
મુકી મૌન પણ કરો મહેરબાની,
માન ગયું તોય, માલમ પડે માની. ૯
રાગ રહિત છતાં રાગ શીદ રાખો,
આપીસ મોક્ષ જે પરોક્ષ એમ ભાખો;
નહિખૂટશે, અખૂટ છે ખજાનો,

અલ્પ ઉણો નકી એ નથી થવાનો. ૧૦
છાનો રાખશો પણ નથી છુટવાનું,
ચતુર ચોખ્ખું કહું છુ નથી ચાલવાનું;
સ્વામિ સમજીને આનંદ સુખ આપો,
બહુ થયું હવે બાળવો બળાપો. ૧૧
અમે આથડી અનંત કાળ આવ્યા,
મુક્તિ માટ બધા મામલા મચાવ્યા;
પૃથ્વીપાળ તું દયાળ ભાળ સામુ,
વિનંતિ કરૂં પાદ પદ્મ શિર નામુ. ૧૨
ભૂલ ચુક વિભુ મુક તું વિસારી,
જગત તાત સકળ શકિતછે તમારી;
જૈન પ્રવર્તક સમાજ શરણ આવી,
કેસવ નમન કરે શિર્ષને નમાવી. ૧૩

—000—

## પદ ૧

(બ્હુચર નામ તણી લેહ મને લાગીરે—એ રાહ.)

નમું નિત સુમતિનાથ જુગલ હાથ જોડીરે, એ ટેક.
પ્રભુ પદ પંકજ પ્રણિપત કરતા,
દીણંદ ઇંદ ચંદ સુર કોડીરે. નમું૦ ૧૪
નરનારી સાધુ સાધ્વી સમુચ્ચય,
હર્ષ સહિત દર્શ કરણ આવે દોડીરે. નમું૦ ૧૫
મન મોહન મંગળ સુખ માણો,
પ્રીતમ સાસ્વતી પ્રીયા પલંગ પોઢીરે. નમું૦ ૧૬
હું ભવ રણમાં હજુરે ભમું છું,
દયા દ્રષ્ટિ કરો દિન દયાળુ થોડીરે. નમું૦ ૧૭
શીવસુત કેશવ પ્રવર્તક સભાનું,
તુ પ્રજાળ પાપ કર્મ જાળ તોડીરે. નમું૦ ૧૮

पद २

(છે જન પાળક ટાળક દિનનો.—એ રાહ.)

વીધિ પુર્વક સૌ વંદન જઈએ, શ્રી સુમતી દેવ દયાળને;
ચાખડી આદિક મુકી બહાર, પ્રવેશ કરતાં પહેલે દ્વાર;
કરવો નીસીહી ઉચ્ચાર, તજિ નિજ ઘર જંજાળને. ૧૯
નીસીહી વચલે દ્વાર કહી, તજીએ જીનઘર વ્યાપાર સહી;
સુખદાયક દેખી શ્રીજીન શ્યામ, અર્ધાંગ નમાવી કરી
પ્રણામ;
જે આપે શીવ સુખ આરામ, પૂજો પ્રભુ કૃપાળને. ૨૦
ભાવ સ્તવ જે અવસર કરીએ, દ્રવ્ય પુજા કરણીપરહરીએ
નીસીહી શબ્દ બોલો તે ઠામ, પણ અંગેથી કરો પ્રણામ;
જૈન સભા કેરાવ વિશ્રામ, તું પ્રભુ પાપ પ્રજાળને. ૨૧

पद ३

(પિયા પરદેશનમે રહીઆ—એ રાહ.)

વાહાલા પ્રભુ શીવપુર જઈ વસીયા,

અમ ભવદુઃખ ફંદમાં ફસીઆ. વાહાલા૦ એ ટેક

નાથ ગયા તજી સાથ અમારો,
શું [illegible] પ્રભુ ઘટિત વિચારો;
[illegible] તમારો, ભવજળ તારો, શીવ રસીઆ.
વાહાલા૦ ૨૨

શાશ્વતુ સ્થાનક શ્રી જીન ઝાલ્યું,
એ અવિનાશી અવરને આલ્યું;
કર્મ સુભટ મન સાલ્યું, કાંઇ ન ચાલ્યું, કર ઘસીઆ.
વાહાલા૦ ૨૩

જૈન સભા કેશવ ગુણ ધારે,
આપ વિના પ્રભુ કોણ ઉગારે;
જે ભવ વિષ વધારે, નાગ નઠારે, અમ ડસીઆ.
વાહાલા૦ ૨૪

———ooo———

# આરતી.

જય! દેવ જય! દેવ, જય સુમતિ દેવા; (પ્રભુ૦)
ભવ જળ તારક તારી(૨), સદા આપ શેવા. જય૦ ૨૫
મેઘરાજના નંદ, ભવ ફંદા ફેડો; (પ્રભુ૦)
ઉત્કૃષ્ટું સુખ આપો(૨), નવ છોડું છેડો. જય૦ ૨૬
માત મંગળા આપ, વિનિતાના વાસી; (પ્રભુ૦)
ક્રૌંચ પક્ષી લંછનછે(૨), ગીરવા ગુણ રાસી. જય૦ ૨૭
રટણ કરૂં દીન રાત, તારક હું તારૂં; (પ્રભુ૦)
પ્રભુ પરી પુરણ કરજો(૨), મન વાંછીત મારૂ. જય૦ ૨૮
કરમ કટક આ કેમ, મમ પાછળ પડિયું; (પ્રભુ૦)
વલ્લભ તેહ વિદારો(૨)જે જગને નડિયુ. જય૦ ૨૯
અધમોદ્ધારક આપ નેહ નજર કરીએ; (પ્રભુ૦)
જૈન પ્રવર્તક કેશવ,(૨)શીવ સુખ સૌ વરીયે. જય૦ ૩૦

---

અંક ૫ મો સમાપ્ત.

# पद्म प्रभु.

## અંક ૬

दृत विलंबित.

જગત જીવન શ્રી જીન રાજ તું,
કરગરૂં કર કીંકર કાજ તું;
પદમ નાથ પ્રણામ પદે કરૂં,
તરણ તારણ ધ્યાન હૃદે ધરૂં. ૧
રઝળીઓ રણમાં પશુકારમાં,
પ્રભુ મળ્યા મમ આ અવતારમાં;
કરમ ફોજ વિભુજી વિદારીએ,
વિનયથી અમ અર્જ ઉચારીએ. ૨
કપટ કોડ કૃપાળા અમે કરી,

ધન મુત્યું બહુ ધૂર્ત કળા ધરી;
અધમ હું પર થાપણ ઓળવી,
વિષય કારણ ભામનિ ભોળવી. ૩
જીવ વધાદિક પાપ ઘણા કર્યાં,
વચન શાસ્ત્ર તણા ચિત ના ધર્યાં;
જરૂર જુઠ ઘણું મુખમાં વસ્યું,
પ્રભુ થકી નવ ગુપ્ત રહ્યું કશ્યું. ૪
કહુન થાય ઘણા અમ દેખતાં,
ત્યમ હમે જઈશું જગ પેખતાં;
દિન દયાળ! કૃપાળ! કૃપા કરો,
જનમ મર્ણ તણું દુઃખડું હરો. ૫
જગત નાયક દાયક આપદા,
ચરણ પૂજત શેવક હું સદા;
ભજન વંદન જૈન સભા કરે,
અરજ કેશવશ્રીજીના ઉચરે. ૬

## હીંડી.

પદ્મ પ્રભુ પ્રીત થકી પાય લાગુ,
શીવરાજ આજ હું માહારાજ માગું;
કર્મ ક્લેશ તેં વિશેષ વિભુ વાર્યો,
અખિલ જગ્તમાં પ્રતાપ આપ જામ્યો. ૭
લાલચ કરી લક્ષ્મી લાખ ઝાડ લેવા,
ઠગલબાજ દેવ, સાજ કાજ શેવ્યા;
ગણ્યું કંઈ નહિ વિશ્વનાથ મહારૂં,
હારી શરણ કર્યું હવે મેં તમારૂં. ૮
નાના દુઃખ સહ્યા, નરક માંહિ નાથ,
દુતકારા હેત ધરી ગ્રહો હાથ;
દીનાનાથ દીન બંધુઓ દયાળુ,
સેવક ઊપર કૃપા કરોને કૃપાળુ. ૯
પશુ પક્ષિ થઈ પાંજરે પુરાયો,
ઢોર ચારમાં ગમાર હું ગણાયો;

ઠામ ઠામ માર, વાર વાર ખાધો,
સમજી શુદ્ધ ધર્મ નહિ તેમ સાધ્યો. ૧૦
કૃપાળુ! કેટલું કપાળ હું કુટાવું,
સર્વજ્ઞાણને અધિક શું સુણાવું?
વીતક વીત્યાં ઘણાં આપના વીયોગે,
મોહન મળ્યા મને પુર્વ પુન્ય યોગે. ૧૧
સત્ય તું પ્રભુ અસત્ય અવર દેવા,
શાસ્ત્ર વિધિ સહિત સાચવીશ સેવા;
અરીહંત આણ આપની ઉઠાવું,
ચિરંચ વિર્યવંત ધિરજ ધરી ધ્યાવું. ૧૨
મોહ ક્રોહ, લોહ ને હઠાવું,
જીનરાજવચન ચિત્તમાં જમાવું;
સ્મરણ કરે જૈન પ્રવર્તક સમાજ,
સરે કેશવ તણા સકળ ધર્મ કાજ. ૧૩

—— oOo ——

पद १

(મારેતો કેસરીઆજીનું ઘણું મોધું નામ છે
—એ રાહ.)

પ્રાણુમું પદમ પ્રભુ પરમ કૃપાળ; પ્ર૦—એ ટેક.
અંતરજામી, વીભુ વીસરામી,
દાદ સુણોને દયાળ. પ્ર૦ ૧૪
લળી પદ લાગુ. શિવ સુખ માગુ
તાપ ત્રિવિધ તુ ટાળ. પ્ર૦ ૧૫
વિપતી વીદારક, ભવજળ તારક,
મોહન ગુણ મણી માળ. પ્ર૦ ૧૬
દીનજન બંધુ, પુનમ ઈંદુ,
શિતળ વદન વિસાળ. પ્ર૦ ૧૭
જૈન પ્રવર્તક કેશવ ગાવે,
જીનગુણ રાસ રસાળ. પ્ર૦ ૧૮

## પદ ૨

(મેરી અખિયાં ફરકન લાગી)—એ રાહ

જિન જયકારી ઊપગારી,
આપ શ્રવણ કરો, અરજ અમારી. જય૦—ટેક ૧૯

જગબંધુ તારક ભવ સિન્ધુ,
વિજય કરો વિભુ, વિઘ્ન વિદારી. જય૦ ૨૦

સુશીમા જાયા, શર્યો કુલગાયા,
મન મોહન મુરતી મન હારી. જય૦ ૨

દુરિત નિવારક આતમ ઉધારક,
સુખ કારક છે આશા તમારી. જય૦ ૨૨

તું કરૂણા કર ઉપશમસાગર,
નિત નિત નમન કરે નરનારી. જય૦ ૨૩

હો ભવતારૂ શિવ સુખ સારૂં,
આપ મને ભવ પાર ઉતારી. જય૦ ૨૪

જૈન પ્રવર્તક શિવસુત શેવક,
કહે કેશવ પ્રભુ ભક્તિ સ્વીકારી. જય૦ ૨૫

## પદ ૨

પાદ પદ્મ હું પદમ પ્રભુના,
નિત્ય નિરંતર નમનકરૂં,—ટેક.
કરૂણા સાગર આપ કૃપાથી,
ભવ અટવી ઝટપટ ઉતરૂં;
સેવક જાણી શીવ સુખ આપો,
સર્વેશ્વર સુખ કર સમરૂં. પા૦ ૨૬
ક્યાંથી ક્રોધ માન માયાને,
લોભ તણું લાગ્યું લફરૂં;
એ દુશ્મનથી દેવ દયાળુ,
હું દીલમાં નિશદીન ડરૂં. પા૦ ૨૭
ત્રણુ નામ એક નાગણી મોટી,
અનંતાનું બંધી ઉચરૂં;
જાવ જીવ સુધી રહે જીનજી,
એવિષધરનું ઝેર ખરૂં. પા૦ ૨૮

એના ઊદયે કાળ કરૂં કદી,
તો નરકે અવતાર ધરૂં;
સાહેબ એ શઠની સંગતથી,
સુધ સમકિતનો ઘાત કરૂં.          પા૦ ૨૯
એથી અમને અળગા રાખો,
એ ઉપગાર નહીં વીસરૂં;
જૈન પ્રવર્તક શીવ સુત કેશવ,
સુત્ર સિધ્ધાન્ત સ્વીકાર કરૂ.          પા૦ ૩૦

---

## આરતી

જયો દેવ જયો દેવ, જય જીનવર જાચું;(પ્રભુ૦)
પદમ પભુ પદ પ્રણમી,(૨)કરૂં શરણુ સાચું.જય૦૩૧
સુસીમાનંદન શ્યામ, જનક સિધર રાયા; (પ્રભુ૦)
કોશાંબિ નગરી નૃપ,(૨)પદમ ચિન્હ પાયા.જય૦૩૨
મનુષ અઢિસત માન, ઉન્નત જીન અંગે; (પ્રભુ૦)

કરુણારસ કૃપાળુ,(૨)રક્તવર્ણ રંગે. જય૦ ૩૩
દયા દ્રષ્ટિ કરજો, વિઘ્ન સકળ હરજો; (પ્રભુ૦)
મસ્તકપર કર ધરજો વાંક વિણ વરજો. જય૦ ૩૪
નેહ તજીને નાથ, શું શીવપુર વશીઆ; (પ્રભુ૦)
કૃપા કરીને તારે(૨), ભવ સાગર ખશાંયા. જય૦ ૩૫
ક્ષમા કરો અપરાધ, માત પિતા મારા; (પ્રભુ૦)
બાળકના દુઃખ બાળો(૨),હું શરણે તારા. જય૦ ૩૬
જીનવર જૈન સમાજ, પદકજ તુજ વંદે; (પ્રભુ૦)
ગુણ મણુ ગુંથન કરતાં, કેશવ આનંદે. જય૦ ૩૭

અંક ૬ સમાપ્ત

# गद्य.

अंक १ थी ६

॥ ॐ नमः ॥

# ॥ आदिनाथ ॥

मदनकदन! लोकोत्तरलक्ष्मीसदन! भवभयभंजन! जनमनरंजन! दूरितनिकंदन! मरूदेवानंदन! नागनरा नरेंद्रपूजार्ह! आदिअरिहंत!! भुवनभवनमां मोह मदिरा थी ऊन्मत्त बनी, पाप कर्ममां प्रवृत्त थवाथी पस्तावानी पाळे अथडाता, धर्मधनहीन, अमे आप आश्रये आ वेला छइए. शान्तमुद्राभिराम! भवदवदग्धजनविश्रामा राम! कृपाधाम! चतुर्मुख! नाभिभू!! तारा सुधासम ऊ पदेशथी अमने, आ मोहांधकारेव्याप्त, ज्ञानावर्णियादि कर्मप्रकृतिरूपवेलीयुक्त, पंचाश्रवरूपवर्षादथी वर्षित, गणतरीना मार्गवाळी, भवअटवीमांथी ऊगार. जटाधारी! वृषांकित! शकर!! आर्त्तरौद्रध्यानथी ऊत्पन्न थता माठापरिणामरूप भयंकर भासूर अग्नि, पंचेंद्रिना के

तिस विषयमां लीन थएला अम सरखा जीवोनुं विचार रुप बीज बाळी, समतारुप अंकुर फुटतो अटकाव्यो छे; पुरुषोत्तम! दानांतराय, लाभांतराय, विर्यान्तराय, भोगान्तराय, उपभोगान्तराय, हास्य रीत, अरात, भीति, जुगुप्सा, शोक, काम, मिथ्यात्व अज्ञान, निद्रा, अविरति, राग अने द्वेष ए अढारदोष मुक्त! भक्तवत्सल! भगवन्!! तुं तारा वचन रुप सुधावृष्टि सींची ते अग्नि शांत करी विचार रुप बीने सजीवन करी, समतारुप अंकुर प्रगट कर.सुवर्णकांत! सुनदाकान्त! विनीतापति!! आयुवायुथी चढी आवेला मोजा माफक चंचळछे; सम्पत्तिने विपत्ति लागेलाछे; समस्त शब्द, रुप, रस, गंध अने स्पर्श विषदो संध्याभ्र सम मनोहर तेमज क्षणिकछे; स्व जन स्त्री आदि समाग मथी उत्पन्न थतुं सुख इंद्रजाळ सरखुंछे; तेनामां हे!

अनाधारना आधार! आ अवसर्पीणिमां आदिप्रधर्मवर्त क!! तारा विना संसारमां आश्रयकरी महान आशा राखवा योग्य अमारे कांइपण अन्य वस्तु नथी. दीनो द्धारक! शरणांगतनिभावक! देवाधिदेव!! जेनी साथे हमेश अमे रमता, जेनी अमे स्तुती करता, जेनी सा थे प्रीतिथी वातचित करता, तेज प्राणीओने अमे अमारी आंख आगळ भस्मीभूत थइ आ संसार नी घटमाळामां रटन करता छप्पनना मेळे पडेला दु खथी डसकां खाता जोयाछे; परंतु डान्चु विकासी आगळ उभेला कृतांतनो भय कोरे करी प्रमादवशथी अद्यापि पण पाप कर्म करवामां जेवाने तेवाज छीए. वृषभवाहन! ऋषभदेव!! शरण आवेला शेवकपर दयाद्दृ ष्टि करी बोधीबीज दइ संसार पार उतरवाने आशी र्वाद दे!! तथास्तु !!!

## मालिनी वृत्त.

जय! भवभीत भ्राता! विश्ववेत्ता विधाता!!
जय! जगपितुमाता! सर्वदा शांति दाता!!
जय! परम प्रकाशी! ज्ञानरुपे निवासी!!
शिवकर! शिवराणी दासनी चर्णदासी.

## नाराच,

दयाळ! भाळ, काप पाप ताप तु कृपा करी,
अनाथनाथ! धारहाथ साथ ले दया धरी,
अधीश! नीश दीश ध्यान हुं धरूं धुरंधरा
समान ज्ञान दान दे समस्त वस्तु भास्करा!

# ॥ अजितनाथ ॥

अशोकवृक्षादि आठ प्रातिहार्य, तथा मूळातिशय मळी द्वादशगुणगणालंकृत ! मोहादिरिपुजीती जयप ताका उडावनार! अजिताजिन!! जे हमेश रथमां बेशी फरता, जेनी आगळ चोपदार नेकी पुकारता, जे ना उपर छत्रनी छाया तैयारज हती, जे हरनिश सु- वर्णमय रत्न जडित्र आसने बेसी छत्रीसी जमता, जे विशाळदिव्य भुवनोमां रही अत्यंत सुख भोगवता, जे ओनी आणा राणा रंक सुधीने मान्य हती, जेओए छ खंड जीती पोतानी आण सर्वत्र मनावी हती चक्रवर्तिओने, तथा तेथी पण उत्कृष्टां सुख भोगवना र देवताओने, पण कृतांतना डाचा तळे दबायाथी आश्रयार्थे अथडातां बीजुं कांइपण जड्युं नहि, तो अग

सरखा अल्प मनुष्यरूप कीडीआने तो तारा विना कोनो आश्रय. जगचिंतामणि! त्रिभुवननायक! शिवपुरमार्ग दायक! भवजलधितरणसहायक ! श्रीजिनशासनचा श्रृंगार ! अन्तरंगरिपुवृक्षकुठार ! वारणवाहन! जित शत्रुपुत्र!! भाइभांडु, मातापिता, काकाकाकी, फुआ फोइ, मासामासी, सासुससरा, भाणेजभत्रिजा, पुत्रक लत्र, आदि हितवांच्छक स्वजन जन स्वार्थ निमित्तेज छे; आखर अवस्थाए कोइ कांइ कामनुं नथी; जेम मां छी एक नाना मांछलाने पकडे छे तेम काल ब्रडपथी अमने ग्रहवानोज; कांइ आजतो कोइ काल, कोइ मासे तो कोइ छ मासे, पण आखर मृत्यु तो छे छे ने छेज. वज्रमय घरमां वासो वसो के तरणानी झुंपडी मां, धन्तरमन्तर शीखी छुमन्तर करी मोटी मोटी वि- द्याओ साधन करी पुष्टिकारक रसायन आरोगो,के सु

खे दुःखे जार बाजरीना जाडा पातळा रोटला उपर गुजरान चलावो, समाधी चडावी वायुनो रोध करो के समुद्रने पेले पार जइ बेसो, पर्वतनी टोचे चडो के गुप्त गुफामां संताइ रहो, पण काळे कोइने छोडया नथी, छोडतो नथी अने छोडवानो पण नथी. विषम कषायदावानलनीर! मोहधूलहारिसमीर! गिरिसम थिर! अयोध्याधिपति!! यमदूतिका हाजर थइ ज्यारे पुष्ट शरीरने खोखरूं हाडपिंजर बनावी देशे, छत्रीशी चावनार बत्रीशीने पेटमांथी पाधर करी नाखशे शरीर थरथर कांपतुं बनावी लाकडीनो आधार लेवा फरज पाडशे, घरमांथी हाडहाड करावी 'टळतो नथी टळतो नथी' कहेवडावशे त्यारे तारा विना मारे बिजो आश्रय कयो रह्यो. हे चारुगात्र! करुणाकेलिपात्र!! तुं तारा सुधा सम उपदेशथी ममतासंग मुकावी चतुरंग धर्ममां प्रवृत्त कर! तथास्तु!!!

# ॥ संभवनाथ ॥

अज्ञानमिथ्यात्वतमिस्त्रदीप! त्रैलोक्यचूडामणि! स
द्धर्मबोधदाता! भवभयभीतत्राता! उदारचरित्रनिधि! ज
गत्प्रभो!! आ भवरूप भयंकर अटवी के ज्यां, लोभरूप
दावानल लाभरूप जलथी होलातो नथी एटलुज नहि
पण उलटो वधारे वधारे प्रदीप्त थतो जायछे, ज्यां इं
द्रिओनी तृष्णा मृगतृष्णा तुल्यछे, त्यां अमे शी रीते
स्वस्थपणे रही शकिये? एक चिंता मटी तो वळी बी-
जी चिंता खडीजछे; मन वचन कायाना व्यापारे करी
विकार लागुजछे; अत्यंत क्रोधना योगे करी रजोगुणनी
प्राप्तीतो हाजरज; आम विपत्तिरूप खाइना पाणीनी
भमरीमां पगले पगले पडनारा अम सरखा प्राणीओना
दु:खनो कोइवार पण अन्त आवतो नथी. कर्माष्टदा-

ज्ञानलब्धवारिधर! भव्यपद्मदिनकर! बहुभाग्यसौभाग्यल तांमडपेमघ! वाजिवाहन! संभव!! जननीना अपवित्र उ दरनी अंदर नाना प्रकारना संताप सहन करी, जन्म पाम्या पछी, कष्टपरंपराए अथडातां कुटातां सुखाभा सनो अवसर आव्यो के मृत्युनी सहचारिणी जरा हा! राक्षणी जरा जडपेछे; प्रारब्धे प्रेरायेला, कर्म तंतुए बांधेला, काळरूप विकराळ बिलाडानी पासे बेठेला, प्राणीओ, शरीर रूप पांजरे पुराएला पक्षीनी माफक भ्रां तिवंत चित्त भमीए छीए. विश्वपालक! विश्ववंद्य! सर्व ज्ञ!! आप अनंतानंत शरीर धारनार अमे अनंतीवार अनादिकाळना संसार समुद्रमां, अनंता पुद्गल परावर्त रूप पाणीनी भमरीमां प्रतिभ्रमण करता फरीए छीये. कृपाधाम!! जेम कोइ बाळकने ठगवा ठगारो रमकडां आदी आपी आभूषण प्रमुख छीनवी लेछे, तेम आ मो

हरुप ठग तथा काळ रूप चोरे मळी अमने धन, धान्य ऐश्वर्यादि रमकडां बतावी, अनंतरूप लक्ष्मी लुटी हाथ घसता कीधाछे. विश्वनायक! जितारिपूत्र!! तारा अखूट ज्ञान खजानामांथी ज्ञानदान दइ अमने ते मोहनी साथे बाथ भीडवा समर्थ कर.

तथास्तु!!!

# ॥ अभिनंदन ॥

भविकाम्बुजभासनभानो! सर्व योगीश्वर चिंत्य! स्वतीर्थादिकर्ता! सिद्धार्थनंदन! आनंदकंद! पुरुषोत्तम!! अमे दीनजनो आप आश्रये आवी आ भयंकर, दुर्भेद्य कर्म रुप कारागृहमांथी मुक्त कराववा एक चित्ते प्रार्थना करीए छीए. गुणपारावार! शीवसूत्रधार! निराधाराधार! करुणासागर! बुद्धिनिधान!! मोहावरणथी आवृत्त थइ करेलां कोडोगमे पापोनो खरादिलथी पस्तावो कराववा अने फरी फरी तेना तेज कर्म करवामां उद्यत थता अटकावराववा, ज्ञानदान देवा, परमश्रद्धा पूर्वक विनंति करीए छीए. प्रभूताविभव! स्वयंप्रभ! भवद्भावी भूतभावावभासकृत! तीर्थकृत!! क्षणेक्षणे पलटाती—घडीकमां पापकर्ममां तो घडीकमां पुन्यप्रवृत्तिमां—प्रवृत्त थती

अमारी वृत्ति स्थिर राखवा सरल रस्तो बताव. शांतिप्रद! शांतिकृत्! कांतिमान्! कामितप्रद! मुनिपुंगव!! तारापीयूषसम उपदेशनुं पान कर्या विना पामर प्राणीओ "आ जगतनो कर्त्ता पालक, तथा संहारक, एक, नित्य सर्वज्ञ, सर्वव्यापी, सर्वशक्तिमान् परमेश्वरछे." एवी आ स्वयंसिद्ध जगत संबंधी असंख्य असत् कल्पनाओ करेछे. क्षीणाष्ठकर्मा! बोधिद !! प्रभाकरना प्रकाशथी जेम तिमिरपटल दूर टळेछे तेम तारा अनंत ज्ञानरूप रविना प्रकाशथी अमारु मोहतिमिर दूर करावी निज स्वरूपे प्रकाशवा प्रवृत्तकर!

तथास्तु!!!

# ॥ सुमतिनाथ ॥

त्वमेवशरणंतात्रा! त्वंतत्वंत्वंचजीवीतं।
त्वंगतिस्त्वंमतिस्स्वामीश्रीसर्वज्ञ ! त्वमेवगे ॥

हे! विकटदुर्जयमन्मथशंकर!! तुंज अमारुं शरणछे; तुंज अमारो तारक छे; तुंज तत्वछे; तुंज जीवित छे; तुंज अमारी गति छे; तुंज अमारी मति छे; हे सर्वज्ञ! तुंज अमारो स्वामीछे टुंकामां अमारु सर्वस्व तुज छे.

स्वकीयवंशांबरभास्कर ! विशालगंगाजलशुभ्रकीर्ते ! आनंदवल्लीतीतवारिधार ! दुःख त्रास समीरणीवमु जग!! तारा अगणित गुणनी गणत्री करतां गीरवाणग णो पण थाक्या तो अम सरखा मनुष्यनुं तो शुं गजुं? सर्वज्ञ! कविओ कहेछे के विधाता दिवसे आकाश रुपपा टी साफ करी राखी, रात्रिए निरांते चन्द्ररुप खडीओ

के जेनी अंदर अंक रुप कुचाछे, ते लइ किरणरूप ले खणवडे, तारा रुप आंक मांडी कंइक काळथी आ जिनेंद्र भगवानना गुणोनी गणत्री काढेछे पण हजु पार आव्यो नथी." परमेष्टी! तारा गुण अगणित ते अगणितजछे. जगत्रयारामकल्पवृक्ष! शिवसुखदातार! विश्वाधार! जितमदनविकार! करूणागार! त्रिकाळवित्!! अविचार रुप पापी पिशाच अमारा सबळ आत्माने निर्बळ तुल्य बनावी अधमगतिए पहोंचाडेछे. जरातरा सुख के यशनी प्राप्ति थइ के अमारा आणंद ने अंहकारनी तो हदज रहेती नथी. तारा पवित्र नियमने विसारी अमे अविचारी जीवो क्यांकनुं क्यांक करीए छीए. खरा धार्मिक कर्मो मुकी कीर्ति यशने माटे कहेवातां धार्मिक कर्मो करी पाप पुंज एकत्र करीए छीए. कारुण्यसिंधो! त्रिलोकबंधो! मदमत्सरमुक्त! तोषितभक्त!

सुषिमानंदन! मारा पाप कर्मनो पार नथी. देवाधिदेव! तारी सुधातुल्य वाणीथी अमने पाप कर्ममांथी पाछा हठाव.

तथास्तु!!

# ॥ पद्मप्रभु ॥

कटुककर्मविपाकविनाशक! सकलपुद्गलसंगविवर्जित! परमशीतलभावयुत! स्वयंभु!! आ मायिक माळामां फसेला अमने मुक्त करवा तारा विना बिजो कोण समर्थ छे? जेओ पोतेज आ संसार संबंधी मायामां फसइ जइ, मृगाक्षीओना दास थइ रहेला छे, जेओने जोताज भीति उत्पन्न थाय छे, तेओनो आश्रय करी शी आशा राखवी? शीलानो आश्रय करी समुद्र तरवानी आशा राखवाथी शो नफो? शीला पण डुबे अने आपणने पण साथे डुबाडे. जे पोतेज संसारमां डुबी गया छे तेओ बीजानुं शुं लीलुं वाळी शके!!

जेना हाथमां नथी त्रिशुळ के नथी चाप नथी चक्र के नथी कांइ; जे प्रभुने हास्य नथी के नृत्य नथी के गीत पण नथी; जेना नेत्रोमां, गात्रमां के करमां विकार

नथी. जेने वाहन अर्थे नथी गरूड के नथी सिंह नथी बळद के नथी थाप; जे जीन हर्ष, शोक, मोह, जन्म, मरण आदि विटंबनाओथी मुक्तछे; जेनां निंदवा लायक कर्मोथी लोकोमां वाहवाह वरताइ नथी. जेना शरीरे, शीरे के ऊरस्थळे, गौरीनो, गंगानो के लक्ष्मीनो स्पर्श नथी; परंतु जे इच्छा वियुक्तने शीव सुंदरी वरीछे तेज केवळ परमात्मानुं हुं ध्यान धरुंछुं

जगज्जंतुरक्षासुदक्ष! सदाचारकासारहंस ! चतुर्वर्ग संसिद्धिदाता! परब्रह्मशर्मप्रदाता! लसल्लब्धिलिलालय! धार्मिना खोटा ढोंगथी तथा क्रियादंभथी अमने दूर राख; अविचारथी अळगा करी, अहंकार, मिथ्याभिमान, गर्व आदिथी मूकाव.

तथास्त !!!

# अगाउथी आश्रय आपनार गृस्थनां नाम.

## અમદાવાદ

૫ શેઠ પ્રેમાભાઇ હીમાભાઇ
૧૦ એક ગુપ્ત ગ્રહસ્થ
૧ શા ચુનીલાલ ફતેચંદ
૧ શેઠ મગનભાઇ હઠીશંગ
૧ શા ત્રીકમલાલ વાડીલાલ
૩ શા. જેશંગ શાંકળચંદ
૩ શા હેમચંદ બેહેચર
૧ શા. છગનલાલ
૧ શા. બાલાભાઇ મનસુખ રામ
૧ શા. છોટાલાલ લલુભાઇ
૧ શા. ડાહ્યાભાઇ નગીન દાસ
૧ લેહેરચંદ લાલચંદ
૧ સા. ચુનીલાલગોકળદાસ
૧ શા ભગુભાઇ સરૂપચંદ
૧ શા. મહાસુખ લલુભાઇ
૧ શા. હઠીસંગ નગીનદાસ
૧ શા. ગોકળ જમનાદાસ
૧ શા. વાડીલાલ મગનલાલ
૧ નેમચંદ લલુભાઇ હાજી
૧ રતનચંદ સવચંદ
૧ શા. સાંકળચંદ દોલત
૧ વાડીલાલ સાંકળચંદ
૧ શા. પરશોતમદાસ જેઠા ભાઇ
૧ ઝવેરી હરીલાલછોટાલાલ
૧ શા રવચંદ દલસુખરામ
૧ શેઠ લાલભાઇ મહોલા લભાઇ

૧ દલાલ જેશંગ સાંકળચંદ
૧ શા. મોહન મગન
૧ અમરતલાલ ચુનીલાલ
૧ શા. મગનલાલ છગન
લાલ કોન્ટ્રેકટર
૪ શા. જેસીંગજનાસા
૧ જેસંગ ઠાકરશી
૧ હીરાચંદ છગલાલ
૧ કેશવલાલ બાપુજી
૧ હરખચંદ શોમચંદ
૧ ગુલાબચંદ
૧ માણીલાલ ભગુભાઈ
૧ આણંદશંકર બાપુભાઈ
૧ ડાહયાભાઈ મગનલાલ
૧ કેવળદાશ ધરમચંદ
૧ ડાહ્યાભાઈ મનસુખરામ
૧ ઝવેરી નગીનદાસ લ
ખમીચંદ
૨ મુળચંદ શાંકળચંદ
૧ શા માધા રાયચંદ

૧ શા. હીરાચંદ નહાનચંદ
૧ શા. ગોકળદાશ અમથા
દાસ
૧ શા ફકીરભાઈકસતુરભાઈ
૧ શા. લલુભાઈ ધનજી
૧ શા બલાખીદાસલાલચંદ
૩ શા. વાડીલાલ ડહ્યાભાઈ
૧ ડાહ્યાભાઈ ચુનીલાલ
૧ શેઠ ભોગીલાલ લલુભાઈ

## રાધનપુર

૧૦ શાનેમચંદભાઈગેહેલચંદ

## વીરમગામ

૧ સા મગનલાલ ચતુરદાસ
૧ શા ડુંગરશી વીરજી
૧ શા વ્રજલાલ પ્રભુદાસ
૧ શા તલકશી કરમચંદ
૧ દાસી ફતેચંદ ભુલાભાઈ.
૧ દાશી પરભુદાસ રવચંદ
૧ શંઘવી રવચંદ છગન

૧ શંઘવી જગજીવન કાળીદાશ
૧ દોસી ચુનીલાલ કાળીદાસ
૧ દલાલ પાનાચંદમકનદાસ
૧ શા નાથા ખુશાલ
૧ શા પરશોતમ લાલચંદ
૧ મગન અમુલખ

**ભાવનગર**

૧૦ શ્રીજૈનધર્મપ્રસારક સભા
૧ સા કુંવરજી આણંદજી
૫ શા પાંનાચંદ તેજા બુક શેલર
૧ શા જુઠાભાઇ ઓધવજી
૧ શા ત્રીભોવનદાસ જગજીવન
૧ શ્રી જૈનજ્ઞાનઇચ્છકસભા

**ધોલેરા**

૧ શા પીતાંબર આણંદજી
૫ શા પરસોતમ ઓઘડજી
૫ શા કેવલ નથુભાઇ
૪ શા દેવશી ડાહ્યા
૧ શા છગનલાલ દેવશી
૧ શા ઊજમશી ભાણજી
૧ ભગુભાઇ અમરચંદ
૧ શા ધારશી વીરચંદ
૧ શા ત્રીકમ ઉજમશી
૧ શા દુલભ બાદર

**મુંબાઈ**

૨ શા પ્રેમજીભાઇ નાનજી
૩ શેઠ પ્રેમચંદ રાયચંદ
૨ શેઠ ફકીરભાઇ પ્રેમચંદ
૧ શેઠ બાપાલાલગોકળભાઇ
૧ શેઠ મુળચંદ જેઠા

**નરોડા**

૧ શા. રામચંદ હરગોવિંદ
૧ શા. અંબારાંમ ડુગરદાસ
૫ શા રામચંદ હરગોવન
૧ શા ખેમચંદ પાનાચંદ

(બાકીનાં નામ જગાની તંગાશને લીધે નાંખી શકયા નથી.)